# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજય,ગાંધીનગર

## મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી(HTAT)-૨૦૧૭

## અગત્યની સુચના

**પ્રશ્નપુસ્તિકાના નંબરમાં છેલ્લો અંક ૦(શૂન્ય) હોય તેના પ્રશ્નનંબર: ૬૯ થી ૭૫ ના ક્રમમાં થયેલ ફેરફાર અંગેની અગત્યની સુચના**

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક શાળાઓમાં બઢતી અને સીધી ભરતીથી મુખ્ય શિક્ષક તરીકે નિમણુંક મેળવવા માટે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે તા:૨૩/૦૪/૨૦૧૭ ના રોજ મુખ્ય શિક્ષક શિક્ષક અભિયોગ્યતા કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ પરીક્ષામાં જે ઉમેદવારોની પ્રશ્નપુસ્તિકા નંબરનો છેલ્લો આંકડો શુન્ય (0) હોય, તેવા ઉમેદવારોના **પ્રશ્ન પત્રમાં પ્રશ્ન નંબર:૬૯ પછી પ્રશ્ન:૭૩,પશ્ન:૭૪,પ્રશ્ન-૭૦,પ્રશ્ન - ૭૧, પ્રશ્ન:૭૨ અને પ્રશ્ન:૭૫** પ્રિન્ટ થયેલ હતા.

ઉકત બાબતને ધ્યાને લઇ બોર્ડ દ્વારા ઝોનલ ઓફિસર મારફત સ્થળ સંચાલકોને -
"પ્રશ્નપુસ્તિકા નંબરનો છેલ્લો આંકડો શુન્ય (0) હોય, તેવા તમામ ઉમેદવારોને પ્રશ્નનો નંબર ધ્યાને લઇ એટલે કે"

પ્રશ્ન -૬૯ પછીના છપાયેલ

પ્રશ્ન નંબર- ૭૩ નો જવાબ OMR માં ૭૩ નંબર પર તેવી જ રીતે

પ્રશ્ન નંબર- ૭૪ નો જવાબ OMR માં ૭૪ નંબર પર

પ્રશ્ન નંબર- ૭૦ નો જવાબ OMR માં ૭૦ નંબર પર

પ્રશ્ન નંબર- ૭૧ નો જવાબ OMR માં ૭૧ નંબર પર અને

પ્રશ્ન નંબર- ૭૨ નો જવાબ OMR માં ૭૨ નંબર પર આપવાની સુચના આપવામાં આવી હતી.

**તેમ છતા જો કોઇ ઉમેદવારે પ્રશ્નનો ક્રમ ધ્યાને લીધા સિવાય માત્ર OMRના સીરીયલ ક્રમમાં જવાબ આપ્યો હોય એટલે કે પ્રશ્નનંબર:૬૯ પછી છપાયેલ**

પ્રશ્નનંબર:૭૩ નો જવાબ OMR માં ૭૦ ની સામેના બબલમાં આપ્યો હોય. તેવીજ રીતે

પ્રશ્નનંબર:૭૪ નો જવાબ OMR માં ૭૧ ની સામેના બબલમાં આપ્યો હોય

પ્રશ્નનંબર:૭૦ નો જવાબ OMR માં ૭૨ ની સામેના બબલમાં આપ્યો હોય

પ્રશ્નનંબર:૭૧ નો જવાબ OMR માં ૭૩ ની સામેના બબલમાં આપ્યો હોય અને

પ્રશ્નનંબર:૭૨ નો જવાબ OMRમાં ૭૪ ની સામેના બબલમાં આપ્યો હોય

**તેવા ઉમેદવારોના પરીક્ષાના પરીણામમાં અન્યાય ન થાય તે માટે તેઓએ તારીખ.૨૯/૦૪/૨૦૧૭ના રોજ ૧૮:૦૦ કલાક સુધીમાં "રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર" ખાતે EMAIL ID** - gsebhtat2017@gmail.com પર આ સાથે સામેલ નમુનામાં પોતાની રજૂઆત મોકલી આપવાની રહેશે.

(ડી.આર.સરડવા)
સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

ઉમેદવારનુ નામ :- ............................

બેઠક નંબર:- ............................

પ્રશ્ન પુસ્તિકા નંબર :- ............................

પરીક્ષાનો જિલ્લો:- ..........................

પરીક્ષા કેન્દ્રનુ નામ :- ...........................

બ્લોક નંબર:- ............................

મોબાઇલ નં:- .............................

પ્રતિ,

સચિવશ્રી,

રાજય પરીક્ષા બોર્ડ,

ગાંધીનગર.

વિષય:- HTAT-2017 પરીક્ષાના પ્રશ્ન પુસ્તિકાના પ્રશ્નક્રમમાં સંળગ ક્રમ ના જાળવતા OMR માર્કીંગમાં થયેલ ક્ષતિ બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૨૩/૦૪/૨૦૧૭ ના રોજ લેવાયેલ પરીક્ષા મેં ઉપર દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર અને બ્લોક ખાતે આપેલ છે.

આ પરીક્ષામાં મને જે પ્રશ્નપુસ્તિકા મળેલ હતી તેમાં પ્રશ્નપુસ્તિકાના ક્રમનો છેલ્લો અંક ૦ (શૂન્ય) હતો. આ પ્રશ્ન પુસ્તિકાના પ્રશ્નનંબર:૬૯ પછીના પ્રશ્નક્રમમાં ફેરફાર હતો.

બોર્ડ દ્વારા દ્વારા ઝોનલ ઓફિસર મારફત સ્થળ સંચાલકોને આપવામાં આવેલ સુચના મુજબ પ્રશ્નનંબરના આધારે OMRમાં તે નંબર સામેના બબલમાં જવાબ આપવાના હતા.

પરંતુ મે પ્રશ્નનંબરના બદલે OMRમાં સીરીયલ ક્રમ અનુસાર જવાબ આપેલ છે. એટલે કે

પ્રશ્નનંબર:૭૩ નો જવાબ OMR માં ૭૦ ની સામેના બબલમાં આપ્યો છે, તેવીજ રીતે

પ્રશ્નનંબર:૭૪ નો જવાબ OMR માં ૭૧ ની સામેના બબલમાં આપ્યો છે,

પ્રશ્નનંબર:૭૦ નો જવાબ OMR માં ૭૨ ની સામેના બબલમાં આપ્યો છે,

પ્રશ્નનંબર:૭૧ નો જવાબ OMR માં ૭૩ ની સામેના બબલમાં આપ્યો છે,

પ્રશ્નનંબર:૭૨ નો જવાબ OMRમાં ૭૪ ની સામેના બબલમાં આપ્યો છે જેથી મારું પરિણામ સાચું નીકળે તે **માટે ઉપરોક્ત પ્રશ્નના જવાબ ધ્યાને લઇ** પરીણામ તૈયાર કરવા વિનંતી છે.

તારીખ :-

આપનો વિશ્વાસુ

......................................

(ઉમેદવારની સહિ)

# HTAT EXAM-2017માં ઉપસ્થિત થયેલ પરીક્ષાર્થીઓ માટેની અગત્યની સૂચના

- તા.૨૩–૦૪–૨૦૧૭ ના રોજ લેવામાં આવેલ HTAT EXAM-2017 માં ઉપસ્થિત રહેલા ઉમેદવારોને જણાવવાનું કે આ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ પરીક્ષાના પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે રજૂઆત કરવા માગતા હોય તો આ સાથે સામેલ રાખેલ નિયત પત્રકમાં તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારોને સ્કેન કરી તેની Zip File બનાવી તેને રીનેમ કરી, તેમાં બેઠક ક્રમાંક(સાત આંકડામાં) લખી અને વેબ સાઈટ પર આપેલ લીંક પર અપલોડ કરીને મોકલી આપવાના રહેશે.
- જો એક કરતાં વધુ પ્રશ્નો અંગે રજૂઆત કરવાની હોય તો પ્રશ્ન દીઠ અલગ–અલગ પત્રકમાં રજૂઆત કરવાની રહેશે.
- રજૂઆત મોકલવાનો સમયગાળો :

  **તા.– ૨૫/૦૪/૨૦૧૭ ( બપોરના ૧૫.૦૦ કલાક થી શરુ થશે) આવી રજૂઆત**
  **તા.– ૨૯/૦૪/૨૦૧૭ ( સાંજના – ૧૮.૦૦ કલાક) સુધી કરી શકાશે.**

- જે પ્રશ્નના ઉત્તર અંગે રજુઆત કરવી હોય તેના આધાર માટે રજુ કરવામાં આવતું પુસ્તક સરકાર દ્વારા પ્રકાશિત થયેલું હોવું જોઇયે, એટલે કે કોઇ ખાનગી પ્રકાશનો દ્વારા પ્રકાશીત થયેલ પુસ્તકો/સાહિત્ય આધાર તરીકે માન્ય રહેશે નહી.
- આધારો વગરની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.
- નિયત સમય મર્યાદામાં (તા.– ૨૯/૦૪/૨૦૧૭ સુધી) મળેલ રજૂઆતો જ ધ્યાને લેવામાં આવશે.
- નિયત સમય મર્યાદામાં મળેલ રજૂઆતો તજજ્ઞ સમિતિ સમક્ષ રજુ કરવામાં આવશે. તજજ્ઞ સમિતિ દ્વારા થયેલ ભલામણ અનુસાર જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.
- **આ પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેવા ઉમેદવારો જ આ પ્રકારની રજૂઆત કરી શકશે. જેની ખાસ નોંધ લેવી.**

(ડી.આર.સરડવા)
સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

# પ્રશ્નપેપરનાં કોઇ પ્રશ્ન કે પ્રોવિઝનલ આન્સર કી નાં જવાબ અંગે રજૂઆત કરવા માટેનું પત્રક

<table>
<tr><td>(1) પરીક્ષાનું નામ</td><td colspan="2">HTAT EXAM-2017</td><td>(2) પરીક્ષાર્થીનો સીટ નંબર</td><td colspan="2"></td></tr>
<tr><td>(3) ઉમેદવારનું નામ</td><td colspan="5"></td></tr>
<tr><td>(4) ઉમેદવારનું ઇ–મેઇલ એડ્રેસ</td><td colspan="3"></td><td colspan="2">(5) ઉમેદવારનો મોબાઇલ નંબર</td></tr>
<tr><td>(6) કચેરીનું નામ</td><td colspan="5"></td></tr>
<tr><td colspan="6">રજૂઆતની વિગતો</td></tr>
<tr><td colspan="3">(7) પ્રશ્નપુસ્તિકા નંબર</td><td colspan="3"></td></tr>
<tr><td>(8) પ્રશ્ન નંબર</td><td colspan="5">(9) પ્રશ્નની વિગત</td></tr>
<tr><td></td><td colspan="5"></td></tr>
<tr><td rowspan="4">(10) પ્રશ્નનાં ઉત્તરનાં વિકલ્પો</td><td>(A)</td><td colspan="4"></td></tr>
<tr><td>(B)</td><td colspan="4"></td></tr>
<tr><td>(C)</td><td colspan="4"></td></tr>
<tr><td>(D)</td><td colspan="4"></td></tr>
<tr><td colspan="5">(11) પ્રોવિઝનલ આન્સર કી માં દર્શાવેલ ઉત્તરનો વિકલ્પ (A,B,C,D પૈકી)</td><td></td></tr>
<tr><td>(12) ઉમેદવારની પ્રશ્ન/જવાબ અંગેની ટૂંકમાં રજૂઆત</td><td colspan="5"></td></tr>
<tr><td colspan="6">(13) રજૂઆતના સમર્થનમાં રજૂ કરેલ સરકાર દ્વારા પ્રકાશિત આધારોની વિગત</td></tr>
<tr><td>પુસ્તકનું નામ</td><td colspan="5"></td></tr>
<tr><td>પ્રકાશકનું નામ</td><td colspan="5"></td></tr>
<tr><td>આવૃત્તિનું વર્ષ</td><td colspan="5"></td></tr>
<tr><td>પેઇજ નંબર</td><td colspan="5"></td></tr>
<tr><td>ફકરા/લીટી નંબર</td><td colspan="5"></td></tr>
</table>

- **નોંધઃ** ઉપરોક્ત ક્રમ નંબર–૧૩ માં દર્શાવેલ વિગતોનાં આધારો સ્કેન કરીને મોકલવા આવશ્યક અને જરૂરી છે. આ આધારો વગરની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. જેની સ્પષ્ટ નોંધ લેવી.

**HTAT - 2017 (Exam Date : 23-04-17)**

**Provisional Answer Key**

| વિભાગ - ૧ | | |
|---|---|---|
| **No.** | **પ્રશ્ન** | **જવાબ** |
| 1 | પ્રમાણિત કસોટી માટે નીચેના પૈકી ક્યું વિધાન સાચું છે ? | આ કસોટી ચોક્કસ જૂથ માટે તૈયાર થાય છે. |
| 2 | જો શિક્ષક પોતે ભણવા તૈયાર ન હોય તો એ ખરેખર ભણાવી જ ન શકે.' - આ વિધાન કોનું છે ? | રવીન્દ્રનાથ ટાગોર |
| 3 | સપ્તરંગી પ્રવૃત્તિઓ' એક વિષય તરીકે ક્યા અભિગમમાં ભણાવાય છે ? | પ્રજ્ઞા |
| 4 | ઘડતર અને ચણતર' ક્યા કેળવણીકારની આત્મકથા છે ? | નાનાભાઇ ભટ્ટ |
| 5 | પ્રૌઢ શિક્ષણ માટે આપણા દેશમાં કઈ ઉંમર સ્વીકારવામાં આવી છે ? | 15 થી 35 |
| 6 | સાક્ષરતાનાં નક્કી થયેલાં ધોરણો મુજબ વાચન માટે નીચેના પૈકી ક્યું ધોરણ સાચું છે ? | એક મિનિટમાં ૩૦ શબ્દો ઝડપથી બોલીને વાંચી શકે અને સમજી શકે. |
| 7 | વૃદ્ધિ અને વિકાસ સંબંધે નીચેના પૈકી ક્યું વિધાન સુસંગત નથી ? | વિકાસને બાહ્ય ક્ષમતાઓ સાથે વિશેષ સંબંધ છે. |
| 8 | શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં ઇડ, ઇગો અને સુપર ઇગોના પુરસ્કર્તા કોણ છે ? | ફ્રોઇડ |
| 9 | અધ્યાપન કૌશલ્યના વિકાસ માટે ઉપયોગી સોપાનો "શિક્ષણ-પ્રતિપોષણ-પુનઃઆયોજન-પુનઃશિક્ષણ-પુનઃ પ્રતિપોષણ" સાથે સૌથી વધુ શું સુસંગત છે ? | માઇક્રો પાઠ |
| 10 | શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત વાપરવામાં આવતું રચનાત્મક મૂલ્યાંકન પત્રક-A ક્યા ધોરણથી શરૂ થાય ? | ધોરણ-3 |

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 11 | સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન બાબતે નીચેના પૈકી શું ખોટું છે ? | દરેક પાઠવાર એકમ કસોટીના આયોજન દ્વારા મૂલ્યાંકન કરવું. |
| 12 | પ્રત્યાયનનાં મુખ્ય ત્રણ ઘટકો ક્યા છે ? | પ્રેષક - સંદેશો - સંદેશો મેળવનાર |
| 13 | NCF 2005 માં નીચેના પૈકી કઇ બાબત પર સૌથી વધુ ભાર મૂકવામાં આવ્યો છે ? | જ્ઞાનનું સર્જન |
| 14 | આખી વસ્તુ એના ભાગોના સરવાળા કરતાં કંઇક વધુ છે.' આ વિધાન નીચેના પૈકી ક્યા મનોવૈજ્ઞાનિક વાદનું સમર્થન કરે છે ? | સંયોજનાવાદ |
| 15 | શિક્ષણ - ભીતરનો ખજાનો' એ પુસ્તક માટે નીચેના પૈકી ક્યું બંધબેસતું છે ? | યુનેસ્કો (UNESCO) |
| 16 | ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થતું સામયિક ક્યું છે ? | બાળ વિશ્વ |
| 17 | જાન્યુઆરી 2016 દરમિયાન યોજાયેલ ગુણોત્સવ ક્રમિક રીતે કેવી રીતે ઓળખાય છે ? | ગુણોત્સવ-6 |
| 18 | અભિપ્રેરણા અંતર્ગત મેસ્લોએ વર્ણવેલ જરૂરિયાતો પૈકી ક્રમશઃ બીજી અને ત્રીજી જરૂરિયાત કઈ છે ? | સલામતી અને પ્રેમ |
| 19 | શાળા વ્યવસ્થાપન સમિતિમાં નીચેના પૈકી કોણ ફરજીયાત સભ્ય નથી ? | સરપંચ |
| 20 | વસતિ ગણતરી 2011 મુજબ ગુજરાતની કુલ વસતીની સાક્ષરતા સંદર્ભે નીચેના પૈકી ક્યું સૌથી સાચું છે? | 71 થી 80 % |
| 21 | ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળામાં અંગ્રેજી શિક્ષણની શરૂઆત ક્યા ધોરણથી થાય છે ? | ધોરણ-3 |
| 22 | સ્કીનર દ્વારા દર્શાવવામાં આવેલા અભિક્રમિત અધ્યયન સાથે નીચેનામાંથી કઈ બાબત સાચી છે ? | એક સંકલ્પના શીખવવા માટેના ક્રમશઃ તબક્કાને અનુસરવા |

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 23 | બુનિયાદી શિક્ષણની નમૂનારૂપ એવી ગ્રામ દક્ષિણામૂર્તિ શૈક્ષણિક સંસ્થા ક્યા સ્થળે આવેલી છે ? | આંબલા |
| 24 | મધ્યવર્તી સ્થિતિનાં માપ સંદર્ભે પ્રાપ્તાંકોની શ્રેણીમાં જે પ્રાપ્તાંક સૌથી વધુ વખત આવતો હોય તેને શું કહેવાય ? | બહુલક |
| 25 | થોર્નડાઇકના સામાન્ય તત્વોના સિદ્ધાંત મુજબ<br>1. ગુજરાતી શબ્દકોષ વાપરવો. 2. હિન્દી શબ્દકોષ વાપરવો અને 3. અંગ્રેજી શબ્દ કોષ વાપરવો.<br>- આ ત્રણ પૈકી કઈ બે પરિસ્થિતિ વચ્ચે સંક્રમણ વધારે થશે ? | પ્રથમ અને બીજી |
| 26 | પ્રવર્તમાન પ્રાથમિક શિક્ષણ માળખા અંતર્ગત અમલીકૃત કાર્યક્રમો મોટે ભાગે કઈ નીતિ મુજબ ચાલે છે ? | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 1986 |
| 27 | બુનિયાદી શિક્ષણના મુખ્ય ચાર સિદ્ધાંતોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ? | સ્વતંત્રતા માટેનું શિક્ષણ |
| 28 | 21 મી સદીના શિક્ષણ માટેના આંતરરાષ્ટ્રીય અહેવાલ મુજબ આપવામાં આવેલા કેળવણીના ચાર સ્તંભોમાં નીચેના પૈકી કોનો સમાવેશ નથી થતો ? | વિકસવા માટેનું શિક્ષણ - Learning to grow |
| 29 | નિદાન કસોટી માટે નીચેના પૈકી ક્યું વિધાન લાગુ પડતું નથી ? | દરેક પરીક્ષાર્થી માટે નિયત સમય મર્યાદામાં કસોટી લખવી ફરજીયાત છે. |
| 30 | બાળકોને શું નથી આવડતું એ ચકાસવા માટે નીચેના પૈકી કઈ કસોટીનું આયોજન કરવું જોઈએ ? | નિદાન કસોટી |
| 31 | 'એક મજાનો માળો એમાં દસ ચકલીઓ રહેતી'તી " એ ગીત દ્વારા નીચેના પૈકી શું શીખવવા વધારે યોગ્ય છે ? | ક્રમ સૂચક સંખ્યાઓ |
| 32 | પ્રાથમિક શાળાના ધોરણ-1 માં હાલના પાઠ્યક્રમ અનુસાર નીચેના પૈકી ક્યા ગુજરાતી મૂળાક્ષર પહેલા શીખવવામાં આવે છે ? | ગ, મ, ન, જ |
| 33 | પ્રયત્ન અને ભૂલ સુધાર' ને અધ્યયનના સિદ્ધાંત તરીકે સ્થાપિત કરનાર મનોવૈજ્ઞાનિકનું નામ શું ? | થોર્નડાઇક |
| 34 | નીચેના પૈકી ક્યું વિધાન અભિગમન - વિગમન સંઘર્ષ દર્શાવે છે ? | શિક્ષકની નોકરી કરવી છે પણ દૂરના વિસ્તારમાં જવું પડે એ નથી ગમતું |

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 35 | આપની શાળામાં અભ્યાસ કરતાં ક્યા ધોરણનાં બાળકોને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવતી NMMS પરીક્ષા અપાવશો ? | ધોરણ-8 |
| 36 | RTE 2009 ની કલમ 29 મુજબ નીચેના પૈકી અભ્યાસક્રમનું ક્યું લક્ષણ દર્શાવ્યું છે ? | બંધારણીય મૂલ્યો સાથે સુસંગત હોય તેવો અભ્યાસક્રમ |
| 37 | RTE 2009 મુજબ શાળાના શિક્ષણ કાર્ય (તૈયારી સહિત) માટે દર અઠવાડિયે કેટલા કલાક કામ થવું જોઇએ ? | 45 કલાક |
| 38 | CAL કાર્યક્રમનો મુખ્ય આશય ક્યો છે ? | કોમ્પ્યુટરની મદદથી વિષય શિક્ષણ કરાવવું |
| 39 | જુના અભ્યાસક્રમનો સ.ઉ.ઉ.કા. વિષય હાલના પ્રાથમિક શિક્ષણના નવા અભ્યાસક્રમ મુજબ ક્યા વિષય સાથે સામ્ય ધરાવે છે ? | કાર્યાનુભવ |
| 40 | શિક્ષણનો વ્યાપ વધારવા માટે કેન્દ્ર સરકાર તરફથી શરૂ થયેલા વિવિધ કાર્યક્રમોને સમયરેખા પર દર્શાવીએ તો જુનાથી નવા કાર્યક્રમ મુજબ સાચો ક્રમ ક્યો ?<br>1. સર્વ શિક્ષા અભિયાન<br>2. જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ<br>3. રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન<br>4. ઓપરેશન બ્લેક બોર્ડ | 4 - 2 - 1 - 3 |
| 41 | ગુજરાતમાં પૂર્વ સેવા તાલીમનો જુનો PTC નો અભ્યાસક્રમ હવે ક્યા નામે ઓળખાય છે ? | ડિપ્લોમા ઇન એલીમેન્ટ્રી એજ્યુકેશન |
| 42 | તમારા ગામમાં એક 11 વર્ષનું બાળક કદી શાળાએ નથી ગયું. આપ શું કરશો ? | બાળકને પાંચમા ધોરણમાં દાખલ કરી STP વર્ગમાં બેસાડીશ. |
| 43 | 8મી સપ્ટેમ્બર, 2009 થી શરૂ થયેલ સાક્ષર ભારત-2012 નામની સાક્ષરતાની યોજનામાં જે તે સમયે કાર્યરત જિલ્લા પૈકી-13 જિલ્લાનો સમાવેશ થયેલ. બાકીના જિલ્લા માટે ગુજરાત સરકારે આજ હેતુ માટે કઈ યોજના અમલમાં મુકી છે. | સરસ્વતી યાત્રા પ્રોજેક્ટ |
| 44 | ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા મુદ્રણ થયેલ ENGLISH TEACHER'S NAVIGATOR - 2 એ ક્યા ધોરણનાં અંગ્રેજી શિક્ષણ માટે શિક્ષકને ઉપયોગી થાય તેમ છે ? | ધોરણ-4 |
| 45 | ક્રિયાત્મક સંશોધનનું સૌથી પહેલું સોપન ક્યું છે ? | સમસ્યા - પસંદગી |

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 46 | કથન પદ્ધતિને અસરકારક બનાવવા કઈ બાબતનો ઉપયોગ શિક્ષકે રાખવો જોઈએ ? | અનાવશ્યક પુનરાવર્તન |
| 47 | ગુજરાત સ્ટેટ ઓપન સ્કુલ' કઈ બાબત સાથે સંકળાયેલી સંસ્થા છે ? | ખાનગી ઉમેદવાર માટે ધોરણ-10 તથા ધોરણ-12 પરીક્ષા લેતી સંસ્થા છે. |
| 48 | સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૧/૧૨/૧૫ ના ઠરાવની જોગવાઇ અનુસાર પ્રવાસી શિક્ષકને પ્રાથમિક વિભાગમાં તાસ, દિવસ અને માસિક એમ ક્રમશઃ માનદ્ વેતનની મહત્તમ મર્યાદા કેટલી છે ? | RS. 50/-, RS. 300/-, RS. 7,500/- |
| 49 | પ્રશ્ન આકૃત્તિને સંપૂર્ણ બનાવતી અને જે પોતાની દિશા બદલ્યા વિના ખૂટતા ભાગમાં બંધ બેસતી હોય તેવી આકૃત્તિ શોધો.  |  |
| 50 | નીચેની આકૃત્તિઓનો અભ્યાસ કરી છેલ્લી આકૃત્તિમાં " ? " ની જગ્યાએ આવતી સંખ્યા શોધો.  | 30 |
| 51 | જો કોઈ સંપત્તિના $\frac{4}{5}$ ભાગની કિંમત ₹ 16,800 હોય તો તેના $\frac{3}{7}$ ભાગની કિંમત કેટલી હશે ? | RS. 9,000/- |
| 52 | એક પુસ્તકમાં 50% પાના સફેદ છે. 40% પાના લીલાં છે. બાકી વધેલાં 150 પાના પીળાં છે. તો લીલાં રંગના પાના કેટલાં હશે ? | 600 |
| 53 | અંગ્રેજી શબ્દના સ્પેલીંગ યાદ રાખવા માટે વિદ્યાર્થી શબ્દના ટુકડા કરે છે. અહીં....... | નિકટતાના નિયમનો ઉપયોગ થાય છે. |
| 54 | ધોરણ 1 થી 10 ના પાઠ્ય પુસ્તકોમાં અનુક્રમણિકા પૂર્વે દર્શાવતી મૂળભૂત ફરજોનું વર્ણન ભારતના સંવિધાનની કઈ કલમમાં કરવામાં આવેલ છે ? | કલમ-51-ક |
| 55 | ભારતના રાજ્યોનાં નામ અને સંઘ રાજ્ય ક્ષેત્રોના નામોની યાદી બંધારણની કઈ અનુસૂચિમાં આપવામાં આવેલ હોય છે ? | પહેલી અનુસૂચિ |

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 56 | પહેલી ફેબ્રુઆરી, 2016 ના રોજ સોમવાર હતો. તો તે ફેબ્રુઆરી માસની છેલ્લી તારીખે ક્યો વાર હશે ? | સોમવાર |
| 57 | RTI - 2005 અન્વયેના નિયમોનુસાર માહિતી મેળવવાના હેતુથી રેકર્ડની તપાસણી માટે જાહેર સત્તા મંડળમાં ફી / ચાર્જ અલગથી નિયત થયેલ ન હોય ત્યારે રેકર્ડ તપાસણીમાં 80 મિનિટનો સમય લગાડતા અરજદાર પાસેથી કેટલી રકમ મેળવવાની થાય ? | RS. 40 |
| 58 | આર.ટી.આઇ. ની કલમ - 9(1) મુજબ કોઈ વ્યક્તિની જિંદગી અથવા સ્વતંત્રતા સાથે સંબંધિત હોઈ તેવી માહિતી મેળવવા વિનંતી કરે છે. તો તેને કેટલા સમયમાં માહિતી પુરી પાડવાની હોય છે ? | 48 કલાકમાં |
| 59 | RTI - 2005 ના નિયમો મુજબ પ્રથમ અપીલ સત્તાધિકારીના હુકમથી નારાજ થયેલ અરજદારે, અપીલ સત્તાધિકારીનો હુકમ મળ્યાની તારીખથી કેટલા દિવસની અંદર રાજ્ય માહિતી આયોગને બીજી અપીલ કરી દેવાની હોય છે ? | 90 દિવસ |
| 60 | RTE - 2009 ની કઈ કલમથી મળેલ સત્તાની રૂએ રાજ્ય સરકારે બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર - નિયમો, 2012 બનાવેલ છે. | 38 |
| 61 | ગુજરાત બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો - 2012 ના નિયમ-23 થી નક્કી થયા મુજબ પ્રારંભિક શિક્ષણના અભ્યાસક્રમ અને મૂલ્યાંકન પદ્ધતિ ઠરાવનાર શૈક્ષણિક સત્તા મંડળ કોણ ગણાશે ? | ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલિમ પરિષદ - ગાંધીનગર |
| 62 | ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ - 2010 થી ક્યા અધિનિયમને રદ કરવામાં આવેલ છે ? | ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ - 1961 |
| 63 | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના શિસ્ત વિષયક સજાના હુકમથી નારાજ થયેલ શિક્ષક જિલ્લાની ટ્રિબ્યુનલમાં જાય છે. ત્યાં તેના સભ્યો વચ્ચે મતભેદ પડે છે. તો આવા પ્રસંગે અપીલને નિર્ણય માટે કોને મોકલવામાં આવે છે ? | પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીને |
| 64 | પ્રવર્તમાન નિયમોનુસાર રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પસંદગી સમિતિમાં અધ્યક્ષ તરીકે (હોદ્દાની રૂએ) કોણ હોય છે ? | અગ્રસચિવશ્રી, (પ્રાથમિક શિક્ષણ) |
| 65 | જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાના શિક્ષક પોતાની ફરજો બજાવવામાં ચૂક કરે છે ત્યારે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તેઓને આપેલ નોટીસમાં મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમોના ક્યા નિયમ હેઠળની ફરજો બજાવવામાં નિષ્ફળ ગયાનો ઉલ્લેખ કરે છે ? | નિયમ-70 (1) |

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 66 | શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) અંતર્ગતના મૂલ્યાંકન પત્રકો પૈકી ક્યા એક પત્રકમાં વિદ્યાર્થીના શાળા પ્રવેશથી પ્રારંભિક શિક્ષણ પુરું થાય ત્યાં સુધીની નોંધ રખાય છે ? | પત્રક - E |
| 67 | મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949 ની કઈ અનુસૂચિમાં ખાનગી શાળાના સ્ટાફની નોકરીની નમૂનારૂપ શરતો દર્શાવવામાં આવી છે ? | અનુસૂચિ - છ |
| 68 | નનુભાઈ એ પ્રવિણના પિતા છે. ભારમલભાઈ એ નનુભાઇના ભાઇ છે. રમાભાઇ એ નનુભાઇના પિતા છે. જો નીતા એ પ્રવિણની બહેન હોય તો ભારમલભાઇ એ નીતાના શું થાય ? | કાકા |
| 69 | શૂન્ય' ના વિભાજનની થિયરી કોણે આપી ? | શ્રી નિવાસ રામાનુજન |
| 70 | જો એક હરોળમાં શૈલેષનો ક્રમ આગળથી 15 મો અને પાછળથી 41 મો છે તો આ હરોળમાં મધ્યમાં રહેલા મૌલિકનો ક્રમ ક્યો હશે ? | 28 મો |
| 71 | મુખ્ય શિક્ષક તરીકે તમારી પાસે ખાનગી શાળા શરૂ કરવા માગતા સંચાલક 'અયોગ્ય હરિફાઈ થતી નથી' તે મતલબનું પ્રમાણપત્ર માગે છે. મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમોની જોગાવઈ અનુસાર તમે આવું પ્રમાણપત્ર ક્યારે ન આપી શકો ? | વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યામાં 20% કરતાં વધુ ઘટાડો થાય તેમ હોય ત્યારે |
| 72 | રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા યોજાતી નીચેની પરીક્ષાઓ પૈકી કઈ પરીક્ષા તેના હેતુ અને ઉપલબ્ધિમાં અન્ય ત્રણથી જુદી પડે છે ? | રાષ્ટ્રીય ભારતીય મિલિટરી કોલેજ પ્રવેશ પરીક્ષા |
| 73 | નીચેનામાંથી ક્યા વિટામિનની ઉણપથી પાંડુરોગ થાય છે ? | વિટામિન - E |
| 74 | અખિલ ભારતીય હિન્દુ મહાસભાની સ્થાપના (વર્ષ 1906) કોણે કરી હતી ? | મદનમોહન માલવિયા |
| 75 | ગોવા : પણજી ,   મિઝોરમ : ? | આઇઝોલ |

<table>
<tr><th>No.</th><th>પ્રશ્ન</th><th>જવાબ</th></tr>
<tr><td colspan="3">વિભાગ - ૨</td></tr>
<tr><td>76</td><td>નીતા એક સાયકલ RS. 5500/- માં વેચે છે. આમ કરતાં તેને 14% નફો થાય છે. તો આ સાયકલની મૂળ કિંમત કેટલી હશે ?</td><td>RS. 4824.56</td></tr>
<tr><td>77</td><td>સંમેય સંખ્યાના સરવાળા માટે નીચેનામાંથી ક્યો ગુણધર્મ લાગુ પડતો નથી ?</td><td>વ્યસ્ત સંખ્યાનું અસ્તિત્વ</td></tr>
<tr><td>78</td><td>મને ઓળખોઃ- "મારામાં અર્ધચંદ્રાકાર વાલ્વ આવેલા હોય છે અને હું કાર્બન ડાયોક્સાઇડ યુક્ત રૂધિરનું વહન કરૂ છું."</td><td>શીરા</td></tr>
<tr><td>79</td><td>વનસ્પતિ પ્રકાશ સંશ્લેષણ દ્વારા ક્યા સ્વરૂપે ખોરાક બનાવે છે ?</td><td>સ્ટાર્ચ</td></tr>
<tr><td>80</td><td>નીચે કેટલીક પરિસ્થિતિ અને સાથે સંકળાયેલ ઉષ્મા સંચરણનો પ્રકાર આપેલ છે.<br>
<table>
<tr><th></th><th>પરિસ્થિતિ</th><th></th><th>સંચરણ પ્રકાર</th></tr>
<tr><td>અ</td><td>A.C. દ્વારા રૂમની હવા ઠંડી થવી</td><td>1</td><td>ઉષ્મા વહન</td></tr>
<tr><td>બ</td><td>રેલ્વેના પાટા વચ્ચે જગ્યા રાખવી</td><td>2</td><td>ઉષ્મા વિકિરણ</td></tr>
<tr><td>ક</td><td>Microwave Oven માં વસ્તુ ગરમ થવી.</td><td>3</td><td>ઉષ્મા નયન</td></tr>
</table>
ઉપરોક્ત વિગતના આધારે યોગ્ય વિકલ્પ પસંદ કરો.</td><td>અ-3, બ-1, ક-2</td></tr>
<tr><td>81</td><td>સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાનાં ૮ માં અધિવેશનનાં પ્રમુખ તરીકે ભારતનાં ______ ની વરણી થઈ હતી.</td><td>વિજ્યાલક્ષ્મી પંડિત</td></tr>
<tr><td>82</td><td>વીર સાવરકરે સ્થાપેલી 'મિત્રમેલા' સંસ્થા પછીથી ક્યા નામે જાણીતી બની ?</td><td>અભિનવ ભારત</td></tr>
<tr><td>83</td><td>પુકુર' ભારતના ક્યા લોકોના લોકજીવનનો ભાગ છે ?</td><td>પૂર્વ ભારત</td></tr>
<tr><td>84</td><td>અષ્ઠ પ્રધાન મંડળ કોની શાસન વ્યવસ્થાનું એક મહત્વનું અંગ હતુ ?</td><td>શિવાજી</td></tr>
<tr><td>85</td><td>અનુષ્ટુપ છંદની પંક્તિ શોધીને લખો.</td><td>ઇન્દ્રપ્રસ્થજનો આજે વિચાર કરતા હતા.</td></tr>
</table>

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 86 | મૃદંગ ' શબ્દનો અર્થ દર્શાવો. | બંને બાજુ વગાડી શકાય એવું એક વાદ્ય |
| 87 | નીચેનામાંથી ભારતમાં સૌથી દક્ષિણે આવેલું ગીરીમથક ક્યું છે ? | કોડાઈકેનલ |
| 88 | એક ખેતરની લંબાઇ અને પહોળાઇ અનુક્રમે 16 મીટર અને 9 મીટર છે. આ ખેતરના ક્ષેત્રફળ જેટલું જ ક્ષેત્રફળ ધરાવતા એક ચોરસ ખેતરની પરિમિતી કેટલી થાય ? | 48 મીટર |
| 89 | બે સમાંતર રેખાઓની છેદીકાથી બનતા ખૂણાઓ માટે ક્યું વિધાન સાચું નથી ? | છેદીકાની એક બાજુના અંતઃકોણની પ્રત્યેક જોડના માપનો સરવાળો 90° **થાય છે.** |
| 90 | નીચેનામાંથી કઈ ગાણિતિક અભિવ્યક્તિમાં પરિણામ 50 નહી આવે ? | [ { (7+5) + 13 } ] - 2 |
| 91 | પાણીના વિદ્યુત વિભાજનના પ્રયોગમાં પરિણામ મેળવવા નીચે પૈકી કઇ પરિસ્થિતિ અનિવાર્ય છે ? | (1) 6 Valt D.C. (પ્રવાહ) (2) H2SO4 ના ત્રણ ચાર ટીપાં |
| 92 | પ્રકાશ અને ધ્વનિ પ્રસરણ માટે નીચેનામાંથી ક્યો વિકલ્પ સાચો છે ? | (1) પ્રકાશના પ્રસરણને માધ્યમની જરૂર નથી.<br>(2) ધ્વનિના પ્રસરણને માધ્યમની જરૂર છે. |
| 93 | નીચે આપેલા વિધાનો પૈકી ક્યું વિધાન લાલા લજપતરાયને લાગુ પડતું નથી ? | ન્યૂ ઇન્ડિયા' સાપ્તાહિક શરૂ કર્યું. |
| 94 | આટઆટલું ' શબ્દ ક્યા પ્રકારનો દ્વિરુક્ત પ્રયોગ છે ? | અમુક અંશના લોપવાળી દ્વિરુક્તિ |
| 95 | એન્ટાર્કટિકા ખંડમાં ભારતે સ્થાપેલ સંશોધન કેન્દ્રો ક્યા-ક્યા છે ? | મૈત્રી અને ગંગોત્રી |
| 96 | ઉમળકો, આનંદ, ઇનામ, વ્યાખ્યાન, પ્રકાશિત' શબ્દોને શબ્દકોશનાં ક્રમમાં ગોઠવો. | આનંદ, ઇનામ, ઉમળકો, પ્રકાશિત, વ્યાખ્યાન |
| 97 | આનંદની મસ્તીમાં આવી પંખી જોરથી બોલે તેને શું કહેવાય ? | ગહેકવું |

| No. | પ્રશ્ન | જવાબ |
| --- | --- | --- |
| 98 | કવિશ્રી મકરન્દ દવેનું વતન ક્યું છે ? | ગોંડલ |
| 99 | રાકેશભાઇને RS. 5000/- માં એક ટી.વી. વેચતાં 10% ની ખોટ જાય છે. તો તેમણે ટી.વી. કેટલા રૂપિયામાં ખરીદ્યુ હશે ? | RS.5555.55 |
| 100 | એક સંખ્યાના વર્ગ તથા વર્ગમૂળનો સરવાળો 84 તથા બાદબાકી 78 થાય છે. તો તે સંખ્યા કઇ હશે ? | 9 |
| 101 | નીચેનામાંથી ક્યું અંતઃસ્ત્રાવ માત્ર સ્ત્રીઓમાંજ જોવા મળે છે ? | ઇસ્ટ્રોજન |
| 102 | રાહુલની હાલની ઉંમર તેના પિતા કરતા અડધી છે. 10 વર્ષ પહેલા તેની ઉંમર તેના પિતા કરતા 25 વર્ષ ઓછી હતી. તો બંનેની 10 વર્ષ પહેલાની ઉંમર કેટલી ? | પુત્ર-15, પિતા-40 |
| 103 | એક વર્તુળાકાર બગીચાનો વ્યાસ 28 મીટર છે. આ બગીચાની ફરતે 7 મીટર પહોળો એક જોગીંગ ટ્રેક બનાવવાનો છે. તો આ જોગીંગ ટ્રેકનું ક્ષેત્રફળ કેટલું થાય ? | 770 ચો. મીટર |
| 104 | નીચેની કઈ પરિસ્થિતિમાં જવાબ $CO_2$ (કાર્બન ડાયોક્સાઈડ) નહી આવે ? | તમામ જીવો શ્વસન દરમ્યાન ક્યો વાયુ લે છે ? |
| 105 | વિભાગ-1 માં સ્વાતંત્ર્ય સંગ્રામનાં આગેવાનોનાં નામ અને વિભાગ-2 માં સ્થળોના નામ આપેલા છે. યોગ્ય રીતે જોડી સાચો વિકલ્પ પસંદ કરો.<br>વિભાગ-1 / વિભાગ-2<br>(અ) બહાદુર શાહ ઝફર — (1) ઝાંસી<br>(બ) નાના સાહેબ પેશ્વા — (2) બિહાર<br>(ક) રાણી લક્ષ્મીબાઇ — (3) દિલ્હી<br>(ડ) કુવરસિંહ — (4) કાનપુર | અ-3, બ-4, ક-1, ડ-2 |
| 106 | સર્વોચ્ચ અદાલતનાં ન્યાયાધીશ તરીકેની નિમણૂંક માટે વડી અદાલતમાં વકિલાતનો ઓછામાં ઓછો કેટલા વર્ષનો અનુભવ હોવો જોઈએ ? | દસ |
| 107 | ધોરણ-7 ગુજરાતીમાં 'ગ્રામમાતા' કાવ્યનો પ્રકાર જણાવો. | ખંડકાવ્ય |

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 108 | રીગડી કરવી ' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ? | હેરાન કરવું |
| 109 | ક્યા પ્રકારના પ્રાણીઓમાં આંખો અલ્પવિક્સીત હોય છે ? | દરવાસી |
| 110 | નીચેનામાંથી ક્યું જૂથ માત્ર વનસ્પતિ કોષમાંજ જોવા મળે છે ? | હરિતકણ, કોષ દિવાલ |
| 111 | ઘન પૂર્ણાંક m, n તથા શૂન્ય સિવાયની અપૂર્ણાંક કે પૂર્ણાંક સંખ્યા a માટે નીચેનામાંથી ક્યું વિધાન સાચું છે. | ત્રણેય વિધાન સાચાં છે. |
| 112 | નીચેનામાંથી ક્યા રાજ્યમાં વિધાન પરિષદ આવેલ છે ? | કર્ણાટક |
| 113 | મંદાક્રાંતા છંદનું બંધારણ આપો. | મભનતતગાગા |
| 114 | ધોરણ-8 ગુજરાતીમાં " કમાડે ચીતર્યા મેં....." ગીતના કવિનું નામ કહો. | તુષાર શુકલ |
| 115 | રબ્બરની ટ્યુબ બનાવતી એક કંપનીમાં કામ કરતા ત્રણ કારીગરો અમર, અકબર અને એન્થોનીને 360 ટ્યુબ બનાવતા અુનક્રમે 6, 10 અને 15 કલાક લાગે છે. તો આ ત્રણેય ભેગા મળીને 720 ટ્યુબ કેટલા સમયમાં તૈયાર કરી શકશે ? | 6 કલાક |
| 116 | ફોસ્ફરસ પેન્ટોક્સાઈડનું અણુ સૂત્ર ક્યું છે ? | $P_2O_5$ |
| 117 | નાલંદા વિદ્યાપીઠના ભવ્ય અને સમૃદ્ધ પુસ્તકાલયનું નામ શું હતું ? | ધર્મગંજ |
| 118 | બપોરે બારીઓ બંધ કરજે' ક્યા પ્રકારનું આજ્ઞાર્થ વાક્ય છે ? | ભવિષ્ય આજ્ઞાર્થ |
| 119 | નીચેનામાંથી ક્યા ગ્રહને વામન ગ્રહ તરીકે ઓળખવામાં આવે છે ? | પ્લૂટો |

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 120 | યુનોની સલામતી સમિતિનાં કોઈ પણ નિર્ણય માટે કેટલા કાયમી સભ્યોનાં હકારાત્મક મત જરૂરી છે ? | પાંચ |
| 121 | હોજે કુતુબ' ક્યા તળાવ તરીકે પ્રખ્યાત છે ? | કાંકરીયા |
| 122 | સમાસ ઓળખાવો : મોહાંધ | તત્પુરુષ |
| 123 | નીચેનામાંથી 91125 નું ઘનમૂળ ક્યું થાય તે જણાવો. | 45 |
| 124 | ગુજરાતી વિશ્વકોશના કેટલા ભાગ બહાર પાડવામાં આવેલ છે ? | 25 |
| 125 | ક્યા તાપમાને oC અને oF તાપમાનનું માપ સમાન થશે ? | - 40°C |
| 126 | નીચેનામાંથી ક્યું પરિબળ બીજના ફેલાવવા માટેનું નિર્ણાયક નથી ? | ન્યુક્લિયર બળ |
| 127 | Which expression shows disagreement | I don't think so |
| 128 | There was ________ food in the fridge. It was nearly empty. | little |
| 129 | Identify the time - 9:10 | Ten past nine |
| 130 | Select the correct sentence. | While I was taking my bath, the telephone rang. |
| 131 | Select the sentence in plural form. - This is the man's book. | These are the men's books. |

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 132 | નીચે પૈકી ક્યા સમીકરણનો ઉકેલ 2 નહીં આવે ? | **2x - 3 = 5** |
| 133 | संयुक्ताक्षर के रूप में गलत विकल्प चुनिए । | क + श = क्ष |
| 134 | अनुसंधान ' का अर्थ होता है - | खोज़ |
| 135 | મરડો ' दर्द को हिन्दी में क्या कहते हैं ? | आमातिसार |
| 136 | सम्राट ' का स्त्री लिंग है -' | सम्राज्ञी |
| 137 | पुल्लिंग शब्द ढूँढ़िए । | टिकट |
| 138 | इन शब्दों में से किस शब्द का बहुवचन में ही प्रयोग किया जाता है ? | हस्ताक्षर |
| 139 | शब्दकोश क्रम अनुसार तीसरे क्रम में आनेवाला शब्द ढूंढिये । | क्यारी |
| 140 | सन्धि कुरुत । **बधिरः + इव** | बधिर इव । |
| 141 | ९६ ' (96) इत्युक्ते का सङ्ख्या ? | षण्णवतिः |
| 142 | दिल्ली_______देशस्य राजधानी अस्ति ? | कस्य |
| 143 | We can go out now. It ______ any more. | isn't raining |

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 144 | Saina has just won the world championship for the third ______ year. | successive |
| 145 | Furious means _____ | angry |
| 146 | First-aid treatment _______ to him before he was brought to the hospital. | had been given |
| 147 | He was born in distinguished family. - Choose similar word for the underlined word. | well-known |
| 148 | Choose proper question - tag : " Please have some tea, _______ ? " | won't you |
| 149 | When I was in school, I ______ ten kilometres every day. | used to walk |
| 150 | Nayan could not read or write _______ he was ten years old. | though |